

સાબરમતી નદીની કોતરો ફરી જીવંત બનશે... ગાંધીનગરના આંગણે અલગ અલગ રાજ્યોના લોકનૃત્યો અને લોકગીતોની રમઝટ બોલાશે... ગાંધીનગર જેની દર વર્ષે આતુરતાપૂર્વક રાહ જુએ છે તે વસંતોત્સવના આયોજનની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. સંસ્કૃતિકુંજની કોતરોને શણગારવામાં આવી રહી છે. રંગરોગાન શરૂ થયુ છે અને સંસ્કૃતિકુંજ ફરીથી વિવિધ રાજ્યના મહેમાનોને આવકારવા અને તેમની સંસ્કૃતિ માણવા સજ્જ બન્યુ છે.

# ધો -૧૦ અને ૧૨ની પરીક્ષાની ૧૭૩૭ બ્લોકમાં બેઠક વ્યવસ્થા

### જિલ્લામાંથી કુલ ૪૯૧૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપસે : ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી : વિજ્ઞાન પ્રવાહમાં ૫૨૮૪ જયારે સામાન્ય પ્રવાહમાં ૧૬૮૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : કુલ ૫૪ સેન્ટરો પર બેઠક વ્યવસ્થા ગોઠવાઇ

ગાંધીનગર તા ૨૮

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાની તૈયારીઓ કરી દેવામાં આવી છે. આગામી તા ૧૪ માર્ચથી બોર્ડની પરીક્ષા શરૂ થશે. એકબાજુ વિદ્યાર્થીઓ પરીક્ષાને અનુલક્ષી આખરી તૈયારીમાં ગળાડુબ છે ત્યારે શિક્ષણ તંત્ર પણ પરીક્ષાલક્ષી આયોજન કરવામાં વ્યસ્ત બન્યુ છે. જિલ્લામાંથી ૪૯૧૯૬ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે જયારે પરીક્ષાને અનુલક્ષી કુલ ૫૪ સેન્ટર પર ૧૭૩૭ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. બેઠક વ્યવસ્થા માટે ઈસ્ટ અને વેસ્ટ ઝોનમાં નિયત કરાયા છે જયારે રૂરલ અને ગ્રામ્ય વિસ્તારને અનુલક્ષીને પણ બેઠક વ્યવસ્થાનુ આયોજન કરાયુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૧૪ માર્ચથી ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા લેવાશે. સમગ્ર રાજયમાં બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા કક્ષાએ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ઉપરાંત શાંતિપુર્ણ માહોલમાં પારદર્શકતા જળવાય તે મુજબ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો બી એન પ્રજાપતિએ આ અંગે જણાંવ્યુ હતુ કે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાં બેઠક વ્યવસ્થાનુ આયોજન કરી દેવાયુ છે. કુલ ૧૭૩૭ બ્લોકમાં ૪૯૧૯૬ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૭૦૭૮ વિદ્યાર્થીઓ ધો -૧૦ માં બોર્ડની પરીક્ષા આપશે જયારે આ પરીક્ષાને અનુલક્ષી વિવિધ બે ઝોનમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેમાં વેસ્ટ ઝોનમાં કુલ ૨૦ કેન્દ્રો પર ૪૬૭ બ્લોકમાં ૧૩૬૨૨ વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થાનુ આયોજન કરાયુ છે. જયારે ઈસ્ટ ઝોનમાં ૧૩ કેન્દ્રો પર ૪૫૮ બ્લોકમાં ૧૩૪૫૬ વિદ્યાર્થીઓ ધો -૧૦ની પરીક્ષા આપશે. ધો -૧૦ સાથે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને પણ કેન્દ્રો પર વિવિધ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. જેમાં શહેરમાં બે સેન્ટર પર ૨૨૭ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાનુ આયોજન કરાયુ છે. જેમાં ૪૫૩૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે મુજબ વ્યવસ્થા ગોઠવાશે. જયારે ગ્રામ્ય વિસ્તારના બે સેન્ટરમાં ૩૯ બ્લોકમાં ૭૫૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. વિજ્ઞાન પ્રવાહની સાથે સામાન્ય પ્રવાહમાં પણ ૧૬૮૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. સામાન્ય પ્રવાહની બોર્ડ કસોટીના વિદ્યાર્થીઓને અનુલક્ષીને ૫૪૬ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. અલબત્ત ગાંધીનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષીને કુલ ૪ સેન્ટરમાં ૨૬૬ બ્લોકમાં ૫૨૮૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે આ ઉપરાંત સામાન્ય પ્રવાહની પરીક્ષાને અનુલક્ષીને પણ જરૂરી બેઠક વ્યવસ્થા ઉપરાંત આનુસંગિક તૈયારીઓ કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## મનપાની ફેબ્રુઆરીમાં મિલ્કતવેરાની વિક્રમી વસુલાત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મનપાએ આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં વિક્રમ વસુલાત કરી છે. આજે પૂરા થતા ફેબ્રુઆરી મહિનામાં મિલ્કતવેરાની આવક રૂ. ૫,૬૬,૪૮,૨૫૮ નોંધાઈ છે.

મિલ્કતવેરાની બાકી વસુલાત માટે તંત્ર દ્વારા નોટીસો ફટકારાયા પછી હાથ ધરેલ સિલીંગની કામગીરીને લઈ ફેબ્રુઆરી માસમાં વિક્રમી આવક નોંધાઈ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપામાં ચાલુ વર્ષે મિલ્કતવેરાની વસુલાત રૂ. ૪૮ કરોડ ૨૪ લાખને પાર કરી ગઈ છે. મનપાની રચના પછી પહેલીવાર આ વિક્રમી આવક મિલ્કતવેરા વસુલીની નોંધાવા પામી છે.

મનપાના સૂત્રોના જણાવ્યા મુજબ માર્ચ મહિનામાં પણ વસુલાત ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે અને મિલ્કતવેરો નહિ ભરનારા મિલ્કતધારકો સામે આકરા પગલાં લેવામાં આવશે.

# ઘ-૫ ખાણી પીણી બજારમાં દબાણો સ્વેચ્છાએ દુર કરવા માટે વેપારીઓને એક સપ્તાહની મુદત

### ફુડસ્ટોલને અનુલક્ષી તોતિંગ શેડ સહીતના દબાણો વધતા તંત્ર હવે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર ફુડકોર્ટના વેપારીઓ ભાડુ ચુકવવામાં નિરસતા દાખવતા તંત્રની ટીમે અગાઉ સ્થળ પર ભાડા વસુલી હાથ ધરી હતી જયારે ફુડકોર્ટમાં દબાણો પણ વધી રહ્યા છે. વેપારીઓએ ફુડકોર્ટના સ્ટોલ માટે ફાળવવામાં આવેલી જગ્યા આસપાસના વિસ્તારમાં પણ તોતિંગ શેડ તાંણી બાંધ્યા છે. જયારે દબાણો વધતા હવે તંત્ર દ્વારા વેપારીઓને સ્વેચ્છાએ દબાણો દુર કરવા માટે નોટીસ આપી છે. એક સપ્તાહમાં દબાણો દુર નહીં કરવામાં આવે તો તંત્ર દ્વારા દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાશે.

ગાંધીનગરમાં ઘ-૫ સ્થિત ખાણી પીણી બજારમાં ફુડકોર્ટની દુકાનોને અનુલક્ષી વેપારીઓએ દબાણ કરી લીધુ છે. ફુડકાર્ટને અનુલક્ષી ફાળવવામાં આવેલી નિયત જગ્યાથી વધુ વિસ્તારમાં શેડ પણ તાંણી બાંધ્યા છે. જયારે દબાણોની સમસ્યા વધતા તંત્ર દ્વારા હવે આ વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે આગામી સપ્તાહમાં ઝુંબેશ હાથ ધરાશે. ફુડકોર્ટના વેપારીઓ અત્યાર સુધી ભાડુ ચુકવામાં પણ નિરસતા સેવી રહ્યા હતા જેના લીધે અગાઉ તંત્ર દ્વારા સ્થળ પર પહોંચીને ભાડુ ચુકવવામાં નહીં આવે તો દુકાનો સીલ કરવા સુધીની કાર્યવાહી કરવાની ચિમકી આપતા ભાડા વસુલાતમાં પણ નોંધપાત્ર કામગીરી થઈ છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ખાણી પીણી બજાર નગરના સ્વાદપ્રેમીઓ માટે હોટ ફેવરીટ માનવામાં આવે છે. અગાઉ ફુડકોર્ટના અભાવે આ મેદાનમાં ખુલ્લામાં લારી ગલ્લા ધમધમતા હતા જયારે નાગરિકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પાટનગર યોજના વિભાગ દ્વારા આ ઠેકાણે ફુડકોર્ટનુ નિર્માણ કરાયુ હતુ જયારે પ્રથમ તબક્કામાં ફુડકોર્ટની દુકાનો ફાળવવામાં આવી હતી જો કે બીજા તબક્કામાં સ્ટોલની ફાળવણીમાં વિલંબ થતા ફુડકોર્ટના રીનોવેશનનુ કામ પણ હાથ ધરવાની ફરજ પડી હતી. અગાઉ આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાને અનુલક્ષીને તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે નવી લાઈન નાંખવામાં આવી હતી. ફુડકોર્ટના ખાણી પીણી બજારમાં ગંદકી થતા વેપારીઓની રજુઆતના અંતે આ કામગીરી પુર્ણ કરી દેવામાં આવી હતી ત્યારે પણ તંત્ર દ્વારા આ વિસ્તારમાં દબાણો નહીં કરવા માટે પણ સુચના આપવામાં આવી હતી. હાલની સ્થિતિએ અંદાજિત ફુડકોર્ટની ૯૬ પૈકી ૮૪ દુકાનોમાં ખાણી પીણીના વિવિધ સ્ટોલ્સ ધમધમે છે. પરંતુ આ વિસ્તારમાં ફુડસ્ટોલના વેપારીઓ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઉનાળો વધુ આકરો બને છે

### એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રી અને મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધ્યુ

ગાંધીનગર, તા. ૨૮

ઉનાળો હવે ધીમે ધીમે જામતો જાય છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ વધીને ૧૬.૨ ડિ.સે. નોંધાયુ છે. જેના કારણે રાત્રે પણ હવે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

માર્ચ મહિનો શરૂ થઈ રહ્યો છે ત્યાં જ હવે ગરમી વધવા માંડી છે. ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. રાત્રેના સમયે ક્યારેક ઠંડો પવન ફૂંકાય પરંતુ તે આહલાદક લાગે છે. ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે હવે ધીમે ધીમે ઉનાળો આકરો બનવા તરફ જઈ રહ્યો છે. સૂર્યોદય સમયે થોડો સમય તડકો થોડોક સારો લાગે પરંતુ સૂર્યદેવ ઉપર ચઢતા જ ગરમીનો પારો વધવા માંડે છે.



બપોરના સમયે તો ઘરની બહાર નીકળવુ ન ગમે તેવો તડકો આકરો બને છે. તડકો જેમ જેમ આકરો બની રહ્યો છે તેમ તેમ ગરમીનો અનુભવ પણ વધી રહ્યો છે. પંખાની સ્પીડ ધીમે ધીમે વધવા માંડી છે. થોડાક દિવસોમાં એસી પણ ચાલુ કરવુ પડે તેવી ગરમી પડવાની સંભાવના હોઈ એસીનુ સર્વિસ કરાવવાની ઈન્કવાયરીઓ વધી રહી છે.

ગરમીથી બચવાના અને રાહત મેળવવાના ઉપાયો વસાહતીઓએ શરૂ કરી દીધા છે. ઠંડા પીણા અને આઈસક્રીમનો ઉપાડ વધ્યો છે તો શેરડીના રસના કોલા પણ ચોરે ને ચૌટે ગોઠવાઈ ગયા છે. ગરમીથી બચવા ટુવ્હીલરચાલકોએ રૂમાલ, ચશ્મા અને સ્કાર્ફનો ઉપયોગ શરૂ કરી દીધો છે. ઉનાળાની હજુ શરૂઆત હોઈ રાત્રીના સમયે વાતાવરણ આહલાદક રહે છે જેના કારણે રાત્રે હરવા-ફરવા નીકળનાર અને ચાલવા નીકળનાર વસાહતીઓની સંખ્યા સવિશેષ જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસી નેતા મોઢવાડીયાએ વિદ્યા સમીક્ષા કેન્દ્રના વખાણ કર્યા

ગાંધીનગર, તા.૨૮

આજે વિધાનસભામાં ચર્ચા દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયાએ વિદ્યા સમીક્ષા કેન્દ્રના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા પર દેખરેખ રાખવા અને સુધારવા માટે શિક્ષણ વિભાગના પ્રયાસો પ્રશંસનીય છે અને આ પ્રયાસોના પરિણામ ૨-૫ વર્ષમાં ચોક્કસ આવશે. તેમણે તમામ ધારાસભ્યોને વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લેવા અને રાજ્યભરની શાળાઓમાં શિક્ષણ સુધારવા માટે કેટલા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તે સમજવાની પણ અપીલ કરી હતી.

# ભૂપેન્દ્ર પટેલ પીએફ કચેરીમાં અચાનક મુલાકાતે પહોંચી ગયા

### મુખ્યમંત્રીની સરપ્રાઇઝ વિઝિટ : તેઓ તાત્કાલિક કોઈને જાણ કર્યા વગર સાંજે જૂના સચિવાલયમાં આવેલી કચેરીમાં ઓચિંતી મુલાકાતે પહોંચી ગયા



ગાંધીનગર, તા.૨૮

પેન્શન એન્ડ પ્રોવિડન્ડ ફંડ નિયામક કચેરીમાં અચાનક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુલાકાતે આવી પહોંચ્યા હતા. ત્યારે વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ચાલી રહ્યુ હતુ. તેમાં મંગળવારે બે બેઠક હોવાથી મુખ્યમંત્રીના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર તેઓ સમગ્ર દિવસ દરમિયાન કાર્યાલયમાં બેસવાના હતા. પરંતુ અચાનક ફેરફાર કરીને તેઓ તાત્કાલિક કોઈને જાણ કર્યા વગર સાંજે જૂના સચિવાલયમાં આવેલી કચેરીમાં ઓચિંતી મુલાકાતે પહોંચી ગયા હતા.

મળતી માહિતી પ્રમાણે, મુખ્યમંત્રીએ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી અને તમામ કામની વિગતો મેળવી હતી. આ ઉપરાંત કચેરમાં કામ અર્થે આવેલા વરિષ્ઠ પેન્શનર્સ અને અન્ય અરજદારો સાથે વાત કરી હતી.ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આ ઓચિંતી મુલાકાતથી પેન્શન એન્ડ પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરીના કર્મયોગીઓ આશ્ચર્ય અનુભવવા સાથે મુખ્યમંત્રીના જનસંવેદનાપૂર્ણ અભિગમથી પ્રભાવિત થયા હતા. ત્યારે મુખ્યમંત્રી આવ્યા હોવાની જાણ થતા અન્ય અધિકારીઓ તાત્કાલિક કચેરી પહોંચી ગયા હતા અને તેઓ પણ જોડાયા હતા.

## ૪થી માર્ચના રોજ જિલ્લાના તમામ ગામોમાં એક સાથે ગ્રામસભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આગામી ૪થી માર્ચના રોજ જિલ્લાના તમામ ગામોએ ખાસ ગ્રામસભા યોજવામાં આવશે. ''સ્વચ્છ સુજળ શક્તિ સમન'' કેચ ધી રેઈન-૨૦૨૩''ના આરંભને લઈ આ ગ્રામસભાઓ યોજવામાં આવશે.

આ ગ્રામસભામાં 'જળ શપથ' લેવા ઉપરાંત ગ્રામજનો સમક્ષ ૧૫મા નાણાંપંચ હેઠળ થતા કામોનું સોશ્યલ ઓડિટ કરાવવા માટે વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૧૨૧-૨૨માં થયેલુ તમામ કામોની વિગત, તમામ વાઉચર સહિતની વિગતો ગ્રામસભામાં રજુ કરવાની રહેશે.

છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ કામોનું વાંચન કરી અને તેની ગુણવત્તાને લઈ પણ આ ગ્રામસભામાં ચર્ચા કરવાની રહેશે.

આ વિશેષ ગ્રામસભા હોવાથી દરેક તાલુકા દીઠ એક નોડલ અધિકારીની પણ જિલ્લાકક્ષાએથી નિમણુંક કરવાની રહેશે.

આ ગ્રામસભામાં જે ગામમાં આંગણવાડી કેન્દ્રનુ પોતાનુ મકાન ન હોય અથવા જર્જરિત હોય તે આંગણવાડી કેન્દ્રના મકાન બાંધકામ માટે જમીનનો પ્રસ્તાવ પસાર કરવાનો રહેશે.

આ ગ્રામસભામાં અન્ય મુદ્દાઓને લઈ પણ ચર્ચા કરવામાં આવશે. નલ સે જલ અભિયાન અંતર્ગત કામગીરી પૂર્ણ થયાનું પ્રમાણપત્ર પણ રજુ કરવાનુ રહેશે.

ગાંધીનગર જિલ્લામાં દરેક ઘરે નળનું જોડાણ આપી દેવામાં આવ્યુ છે જે નોંધનીય છે.



શિયાળો પૂર્ણ થતા અને ઉનાળાની શરૂઆત થતાં જ પ્રકૃતિએ જાણે નવા રૂપરંગ ધારણ કર્યા છે. શહેરને શણગારવા માટે ઠેર ઠેર ઉછેરવામાં આવેલા વૃક્ષોએ જુના પાંદડાઓ ત્યજીને નવા પર્ણોનો શણગાર સજ્યો છે. આકર્ષક ફૂલોથી આ વૃક્ષો જાણે આખેઆખા મઢાઈ ગયા છે. જાંબલી, ગુલાબી અને આછા ગ્રે કલરના ફૂલોએ નગરની શોભા વધારી દીધી છે. બે ઘડી ઉભા રહીને જોવાનુ મન થાય તેવા આકર્ષક ફૂલોએ નગરનો નજારો નયનરમ્ય બનાવી દીધો છે.

# શહેરના સરકારી આવાસોમાં અનઅધિકૃત વસવાટ કરતા ૧૨૫ કબજેદારોને નોટીસ

### આવાસ ખાલી કરી દેવા માટે સુચના : અગાઉ પણ તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ જુદા જુદા સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આજે પાંચ દાયકાના અંતે આ આવાસો ખંડેર બન્યા છે. મોટાભાગના આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. બીજીતરફ નવા મકાનો બાંધવા માટે પણ ખુલ્લી થતી જગ્યામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. જો કે હાલમાં પણ જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. ત્યારે સેકટરોમાં ઘણાં મકાનો અનઅધિકૃત કબજા હેઠળ છે. કર્મચારીઓએ નિવૃતિ બદલી અને અવસાનના કિસ્સામાં પણ આવાસો ખાલી કર્યા નથી જયારે આવા આવાસોને અનઅધિકૃત કબજામાંથી મુકત કરાવવા માટે તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. જેના અંતે ૧૨૫ જેટલા કીસ્સામાં તાત્કાલિક આવાસ ખાલી કરી દેવા માટે પણ સુચના આપવામાં આવી છે.

ગાંધીનગરમાં પાંચ દાયકા જુના સરકારી આવાસો ખંડેર બનતા બિન ઉપયોગી અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. આ માટે તંત્ર દ્વારા અગાઉ જોખમી મકાનો સંદર્ભે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો જયારે જુના અને જોખમી મકાનો તબક્કાવાર તોડવા માટે મંજુરી આપવામાં આવી રહી છે. હાલ પણ સેકટરોમાં ભયજનક આવાસોનો કડુસલો કરવાનુ કામ ચાલી રહ્યુ છે. બીજીતરફ નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. જગ્યા ખુલ્લી થાય તેમ નવા આવાસોના નિર્માણ માટેની યોજના આખરી કરવામાં આવી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની સંખ્યા ઘણી ઓછી છે જેના લીધે સરકારી કર્મચારીઓને નવા આવાસો ફાળવવાની પ્રકીયા મુશ્કેલ બની છે. આવા સંજોગોમાં આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જો કે જોખમી મકાનોની સાથે કેટલાક રહેણાંકના મકાનો અનઅધિકૃત કબજેદારોના હાથમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પાટનગર યોજના વિભાગ દ્વારા અગાઉ આ મામલે તપાસ પણ કરવામાં આવી હતી જયારે અનઅધિકૃત રીતે આવાસોમાં વસવાટ કરતા રહીશોને મકાન ખાલી કરી દેવા માટે નોટીસ પણ આપવામાં આવી હતી. જો કે નોટીસના અંતે પણ હજુ ઘણાં કિસ્સામાં આવાસો ખાલી કરાયા નથી. શહેરમાં કર્મચારીઓને જે તે સમયે આવાસની ફાળવણી કરવામાં આવી હોય તેના અંતે મુદ્દત પુર્ણ થયા બાદ અલબત્ત કર્મચારીઓની નિવૃતિ બદલી અને

● અનુસંધાન પાન-૭ પર

# સી.એન.જી પંપના ધારકો ૩ માર્ચે હડતાળ પર ઉતરશે

### ફેડરેશન ઓફ ગુજરાતે હડતાળની જાહેરાત કરી : CNG પંપ ધારકો હડતાળ પર ઉતરશે જેને લઈ રીક્ષા અને કાર ચાલકોને પરેશાની વેઠવાનો વારો આવશે

ગાંધીનગર, તા.૨૮

આજે ગુજરાત રાજયના CNG ડીલર્સની મિટીંગ મળી હતી. જેમા સર્વાનુમતે તા. ૦૩.૦૩.૨૦૨૩ને શુક્રવારે સવારે ૦૭ કલાકથી અચોક્કસ મુદત માટે CNGનું વેચાણ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. CNGના વેચાણ માટેનુ ડીલર માર્જીન છેલ્લા ૫૫ મહિનાથી વધ્યુ નથી. જેના માટે પત્રો, અનેક મિટીંગો કરી પરંતુ સરકાર તરફથી તેનું કોઈ પરિણામ ન આવતા આ નિર્ણય લેવાયો છે. ૩ માર્ચથી CNG વેચાણ બંધ કરવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. ફેડરેશન ઓફ ગુજરાતે આ હડતાળની જાહેરાત કરી છે.

મહત્વનું છે કે, CNG ડીલરોને યોગ્ય પ્રમાણમાં કમિશન આપવામાં ના આવતુ હોવાની ફરીયાદને લઈને ગુજરાતમાં રહેલા સી.એન.જી પંપના ધારકો ૩ માર્ચે હળતાળ પર ઉતરશે. CNG પંપ ધારકો હડતાળ પર ઉતરશે જેને લઈ રીક્ષા અને કાર ચાલકોને પરેશાની વેઠવાનો વારો આવશે. માંગ પુરી ન થાય ત્યાં સુધી પંપના માલિકો દ્વારા હડતાળ યથાવત્ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

FGPDA (ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશનન)ના તમામ કમિટી સભ્યોએ એક સૂચના બહાર પાડી છે. જેમાં તેમણે લખ્યું છે કે, CNG ડીલર માર્જીન છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

એકાઉન્ટન્ટ જોઈએ છે
બી.કોમ. ગ્રેજ્યુએટ Talley ૩ થી ૫ વર્ષના અનુભવી, ગાંધીનગર સ્થિત કંપની માટે P.F., E.S.I.ના લાભ સાથે
ઈ-મેઈલ એડ્રેસ ઉપર બાયોડેટા મોકલવો
ambicaengg1@yahoo.co.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com